મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

GT NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૨-૦૪-૨૦૨૬
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૫૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### 'વંદે માતરમ' ના નારા લગાવી ગળાના કાકડા સુજાડ્યા, ઝંડા ઊંચા કરીને હાથ દુ:ખાડ્યા એમને જ ટિકિટ ન મળી!

# મહેસાણા મનપા ટિકિટ ફાળવણીમાં અસંતોષ ઉગ્ર : પાયાના કાર્યકરોમાં કકળાટ, નિર્ણય પ્રક્રિયા ઉપર ઉઠ્યા સવાલો

## ભાજપની ચૂંટણી સમિતિએ લીધેલા નિર્ણયનો એક પાવલી ભાર પણ નિયમ ટિકિટ ફાળવણીમાં પાળવામાં આવ્યો નહીં?

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

મહેસાણા મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો વચ્ચે ટિકિટ ફાળવણી મુદ્દે ભાજપમાં આંતરિક અસંતોષ ઉગ્ર બન્યો છે.

વર્ષો સુધી પક્ષ માટે કાર્ય કરનારા પાયાના કાર્યકરોમાં કકળાટ જોવા મળી રહ્યો છે અને સોશિયલ મીડિયામાં પણ તેમની નારાજગી ખુલ્લેઆમ સામે આવી રહી છે.

સ્થાનિક સ્તરે કાર્યરત અનેક કાર્યકરોનું કહેવું છે કે તેઓ લાંબા સમયથી પક્ષ માટે કાર્ય કરતા આવ્યા છે અને આ વખતે ચૂંટણી લડવાની અપેક્ષા રાખી રહ્યા હતા.




જોકે, ટિકિટ ફાળવણી પ્રક્રિયામાં તેમને અવગણવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. કેટલાક કાર્યકરો સોશિયલ મીડિયા પર પોતાની વ્યથા વ્યક્ત કરતાં લખી રહ્યા છે કે વર્ષો સુધી પક્ષ પ્રત્યે વફાદારી રાખ્યા બાદ પણ તેમને તક આપવામાં આવી નથી.

## ચૂંટણી લડવા ઈચ્છતા લોકોએ ટિકિટ નહીં મળવાથી સોશિયલ મીડિયાને પોતાનું હથિયાર બનાવ્યું

### ટિકિટ ફાળવણીમાં ભાજપના નીતિ નિયમો નેવે મુકાયા

ચૂંટણી પૂર્વે પક્ષ દ્વારા સંગઠનના હોદ્દેદારો અથવા તેમના સગા-સંબંધીઓને ટિકિટ નહીં આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, હવે આ નિર્ણયના અમલ અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. કાર્યકરોમાં ચર્ચા છે કે કેટલીક જગ્યાએ આ માર્ગદર્શિકાનો સંપૂર્ણ પાલન કરવામાં આવ્યો નથી.

### યુવા મહિલા તબીબને પણ ટિકિટથી વંચિત રખાયાના આક્ષેપ

કેટલાક વિસ્તારોમાં ઉમેદવારી ફાળવણી અંગે પણ અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. વોર્ડ નંબર ૪માં વ્યવસાયે તબીબ એક મહિલાએ ટિકિટ માટે માંગણી કરી હોવા છતાં તેને પ્રાથમિકતા આપવામાં આવી નથી, જ્યારે અન્ય કેટલાક ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

### અસંતોષ શમાવવા નેતાઓના ધમપછાડા

આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે પક્ષના નેતાઓ દ્વારા અસંતોષ શમાવવા પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. જોકે, હાલની સ્થિતિમાં કાર્યકરોમાં ઉદ્ભવેલી નારાજગી ચૂંટણી પર કેટલો પ્રભાવ પાડશે તે જોવાનું રહ્યું.

### જેને ભાજપ નો 'ભ' ખબર નથી એ ટિકિટ લઈ ગયાની ચર્ચા

સ્થાનિક રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે કેટલાક વોર્ડોમાં બહારથી આવેલા અથવા સ્થાનિક સ્તરે ઓછું કાર્ય કરનારા ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે. આ કારણે પાયાના કાર્યકરોમાં વધુ અસંતોષ ફેલાયો છે. કેટલાક કાર્યકરોનો દાવો છે કે ટિકિટ ફાળવણીમાં પારદર્શિતાનો અભાવ રહ્યો છે.

### રાજકીય સમીકરણો ફેરફાર થાય તો નવાઈ નહીં

સ્થાનિક રાજકારણમાં ઉભી થયેલી આ પરિસ્થિતિએ મહેસાણા મનપાની ચૂંટણીને વધુ રસપ્રદ બનાવી દીધી છે અને આગામી દિવસોમાં રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### નામાંકનપત્ર ભરવાના અંતિમ દિને ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવારો-સમર્થકોનો ભારે ધસારો

# મહેસાણા મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિતના ઉમેદવારોના વિજયના શંખનાદ સાથે નામાંકન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

મહેસાણા શહેર-જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ જીલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ઝડપભેર આગળ વધારવામાં આવી રહી છે. આજે ઉમેદવારોના નામાંકન પત્ર ભરવાના અંતિમ દિવસે ભાજપ કોંગ્રેસ સહિતના અન્ય ઉમેદવારો અને તેમના સમર્થકો વિશાળ સંખ્યામાં ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ઉમટી પડયા હતા. જેમાં ઉમેદવારોએ વાજતે ગાજતે વિજય વિશ્ર્વાસ સાથે નામાંકન પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ ભર્યા હતા.

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જોરદાર બની ગયો છે. આજે તા. ૧૧ એપ્રિલે મહાનગરપાલિકા, પાંચ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને ૧૦ તાલુકા પંચાયત માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ફોર્મ ભરવાના દિવસે ઉમેદવારો અને સમર્થકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

મહેસાણા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતેથી મહાનગરપાલિકાના ૫૨ ઉમેદવારો ઢોલ-નગારા અને ભવ્ય રેલી સાથે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને વિજયના વિશ્વાસ સાથે નામાંકન પત્ર દાખલ કર્યા હતા. ભાજપના ઉમેદવારોને મોટી સંખ્યામાં







સમર્થકોનો સહકાર મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો સાદગીપૂર્વક અથવા મર્યાદિત સમર્થકો સાથે ફોર્મ ભરતા જોવા મળ્યા હતા.

આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી વધુ ચર્ચા મહેસાણા મનપાના વોર્ડ નંબર-૧ ઉના ઉમેદવાર રમેશભાઈ ભીલની થઈ રહી છે. ભાજપે આ વખતે કોઈ મોટા ગજાના નેતા બદલે છેલ્લા ૨૮ વર્ષથી જિલ્લા ભાજપ કાર્યાલયમાં પટાવાળા તરીકે સેવા આપતા સામાન્ય કાર્યકર પર વિશ્વાસ મૂકીને સૌને આશ્ચર્યચકિત કર્યા છે.

રમેશભાઈ ભીલની જીવન સફર સંઘર્ષ અને સમર્પણથી ભરપૂર રહી છે. માત્ર ૨૫ વર્ષની ઉંમરે ભાજપ કાર્યાલયમાં જોડાયેલા રમેશભાઈનો પ્રારંભિક પગાર માત્ર ૫૦૦ રૂપિયા હતો. આજે ૫૦ વર્ષની ઉંમરે પહોંચેલા અને ૧૦ પાસ શિક્ષણ ધરાવતા રમેશભાઈએ વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપી છે. તેઓ હાલમાં સોમનાથ રોડ પર આવેલા વાલ્મિકી નગરમાં પોતાના પરિવાર સાથે સાદગીપૂર્ણ જીવન જીવે છે.

તેમની પત્ની આશાબેન ભીલ કર્વે સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. સંતાન ન હોવા છતાં આ દંપતી સેવાભાવને જીવનમંત્ર બનાવી આગળ વધ્યું છે. આર્થિક સંકટો વચ્ચે પણ રમેશભાઈએ પોતાની ફરજમાં ક્યારેય કચાસ રાખી નથી.

પોતાના નામની જાહેરાત થતા રમેશભાઈ ભાવુક બન્યા હતા. તેમણે પક્ષના નેતૃત્વનો આભાર માનતા જણાવ્યું હતું કે ભાજપે મારા જેવા સામાન્ય કાર્યકરને તક આપી તે મારા માટે ગૌરવની વાત છે. સ્થાનિક સ્તરે ભાજપના આ નિર્ણયની વ્યાપક પ્રશંસા થઈ રહી છે અને તે અન્ય કાર્યકરો માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

### ઝિંઝુવાડાના રહીશનું ૧૧,૦૦૦ ની રોકડ અને જરૂરી દસ્તાવેજ ભરેલું પાકીટ પડી ગયું હતું

# ઈમાનદારીનું ઉદાહરણ : મહેસાણા એસ.ટી ડેપોના કર્મચારી કુલદીપ ગઢવીએ ગુમ થયેલું પાકીટ પરત કરી જીત્યું હૃદય

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

આજના સમયમાં જ્યાં નાની નાની બાબતોમાં પણ સ્વાર્થ અને લાભને મહત્વ આપવામાં આવે છે, ત્યાં ઈમાનદારીના ઉદાહરણો સમાજને પ્રેરણા આપે છે. મહેસાણાના મોઢેરા ચોકડી ખાતે આવેલા ST ડેપો સ્થિત હબ ટાઉનમાં ફરજ બજાવતા સિક્યુરિટી સુપરવાઈઝર કુલદીપ ગઢવીએ આવી જ એક પ્રેરણાદાયી ઘટના સર્જી છે.

મળતી માહિતી અનુસાર, પાટડી તાલુકાના ઝિંઝુવાડા ગામના રહેવાસી રાધેભા ઝાલા એસટી બસમાં મુસાફરી દરમિયાન પોતાનું પાકીટ ગુમાવી બેઠા હતા. આ પાકીટમાં આશરે ૧૧,૦૦૦ રૂપિયાથી વધુની રોકડ રકમ ઉપરાંત જરૂરી દસ્તાવેજો પણ હતા.

મુસાફરી દરમિયાન પડેલું આ પાકીટ બાદમાં કુલદીપ ગઢવીને મળી આવ્યું હતું.

પાકીટ મળતા જ કુલદીપ ગઢવીએ પોતાની જવાબદારી અને ઈમાનદારી દર્શાવી મુસાફરનો સંપર્ક શોધવાનો પ્રયાસ શરૂ કર્યો. વિવિધ પ્રયાસો બાદ તેઓ રાધેભા ઝાલા સુધી પહોંચ્યા અને તેમનું પાકીટ સલામત પરત આપ્યું. પાકીટ પરત મળતા રાધેભા ઝાલાએ ખુશી વ્યકત કરી કુલદીપ ગઢવીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સાથે જ તેમની ઈમાનદારીને માન આપતા વળતર આપવા પણ તૈયારી દર્શાવી હતી, પરંતુ કુલદીપ ગઢવીએ તે સ્વીકારવાનો ઈનકાર કરી માત્ર પોતાની ફરજ નિભાવ્યાનું જણાવ્યું હતું. તેમની આ નિ:સ્વાર્થ ભાવનાએ પાકીટ માલિક સહિત સૌના દિલ જીતી લીધા હતા.



### ઓછી આવક હોવા છતાં ફરજને સર્વોપરી માની

આ ઘટનાએ સાબિત કર્યું છે કે આજના સમયમાં પણ ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠા જીવંત છે. ઓછી આવક હોવા છતાં પોતાની ફરજને સર્વોપરી માનતા કુલદીપ ગઢવી જેવા લોકો સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. આ પ્રસંગે સ્થાનિક લોકોએ પણ કુલદીપ ગઢવીની પ્રશંસા કરી હતી અને આવા ઈમાનદાર કર્મચારીઓ સમાજ માટે ગૌરવની બાબત હોવાનું જણાવ્યું હતું.

### મહેસાણા તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ અને આપ ચૂંટણી જંગ માટે તૈયાર; ૨૬ એપ્રિલે મતદાન, ૨૮ તારીખે મતગણતરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. ૨૬મી એપ્રિલે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન યોજાશે. ૨૮મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. હાલમાં ત્રણેય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારોના નામો જાહેર કરી રહી છે. મહેસાણા તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ અને AAP ચૂંટણી જંગ માટે તૈયાર.

ગાંધીનગર ખાતે 'શ્રી વિશ્વકર્મા બિઝનેસ એક્સપો ૨૦૨૬'નું ઉદ્‌ઘાટન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા

# પરંપરાગત કૌશલ્ય અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વકર્મા સમાજની કાર્યકુશળતા અને બુદ્ધિક્ષમતા વિશ્વવિખ્યાત છે : વિશ્વકર્મા




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૧

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ગાંધીનગર ખાતે 'શ્રી વિશ્વકર્મા બિઝનેસ એકસપો ૨૦૨૬'નું ઉદ્ઘાટન ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ 'જય વિશ્વકર્મા'ના નાદ સાથે ભવ્ય આયોજન માટે યુવા ટીમના પ્રયત્નોને આનંદની લાગણી સાથે બિરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે પરંપરાગત કૌશલ્ય અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વકર્મા સમાજની કાર્યકુશળતા અને બુદ્ધિક્ષમતા વિશ્વવિખ્યાત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને ટાંકતા તેમણે જણાવ્યું કે, ૧૭ સપ્ટેમ્બરે આદરણીય વડાપ્રધાનશ્રીનો જન્મદિવસ છે અને તે જ દિવસે દેશભરમાં વિશ્વકર્મા પૂજા કરવામાં આવે છે. હાવરા બ્રિજના ખાતમૂહૂર્તથી શરૂ થયેલી આ પરંપરા આજે શ્રમ અને કૌશલ્યના સન્માનનું પ્રતીક બની છે. વિશ્વકર્મા સમાજ પાસે અખૂટ ક્ષમતા સાથે એન્જિનિયરોનું ખૂબ મોટું જૂથ છે. રાજ્ય સરકારની ઉદ્યોગલક્ષી નીતિઓની પ્રશંસા કરતા તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયત્નોથી ગુજરાતમાં સેમિકન્ડકટર મિશન જેવું અશક્ય સ્વપ્ન હકીકત બની રહ્યું છે. દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં વિવિધ ઈન્ડસ્ટ્રી માટે ૧૯ પ્રકારની પોલિસી અમલમાં છે.

તેઓએ કહ્યું કે, એન્જિનિયરિંગ ક્ષેત્રમાં સંશોધન અને રિસર્ચ સેન્ટરો માટે સરકાર હરહંમેશ તત્પર છે. તેમણે પરંપરાગત કૌશલ્ય અને ટેક્નોલોજીનું સંવર્ધન કરવા પર ભાર મૂકવા જણાવ્યું હતું. તેમણે આગ્રહ કર્યો કે એક્સપોના માધ્યમથી જૂની ટેક્નોલોજીની ડિક્શનરી બને જેથી આધુનિક યુગમાં પણ તે ઉપયોગી થઈ શકે. અર્થતંત્રના બદલાતા પરિપ્રેક્ષ્યમાં તેમણે જણાવ્યું કે દેશ આઝાદ થયો ત્યારે માત્ર એગ્રીકલ્ચર અને એન્જિનિયરિંગ જેવી બે ઈકોનોમી હતી, પરંતુ આજે ઈન્ડસ્ટ્રીયલ, રૂરલ, મેડિકલ, ડિજિટલ, ટુરિઝમ, સ્પિરિચ્યુઅલ, બ્લુ, ગ્રીન અને ઓરેન્જ જેવી અનેક ઈકોનોમી વિકસિત થઈ છે. અંતમાં, તેમણે આ એક્સપોમાં સહભાગી થયેલા તમામ પ્રદર્શકો અને મુલાકાતીઓને મુક્તપણે વિચારોનું આદાનપ્રદાન કરવા અપીલ કરી હતી, જેથી ભવિષ્યમાં આ મંચને હજુ વધુ વિશાળ ફલક પર લઈ જઈ શકાય.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ડો. આશિષકુમાર દવે, સમાજના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગ સાહસિકો અને યુવાનોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.

માત્ર એક્સપર્ટ તરીકે સામેલ, ટેકનીકલ તપાસની સત્તા નથી

# અમદાવાદ વિમાન દુર્ઘટના : ટેકનીકલ રિવ્યૂની માંગ બ્રિટીશ એજન્સીએ ફગાવી

અમદાવાદ, તા.૧૧

એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૧૭૧ દુર્ઘટનાને એક વર્ષ થવા આવ્યું છતાં પીડિત પરિવારો હજુ પણ ન્યાય અને સાચા કારણોની શોધમાં ભટકી રહ્યા છે. ગત વર્ષે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ તુરંત જ દુર્ઘટનાગ્રસ્ત થયેલા આ વિમાન મામલે હવે બ્રિટિશ તપાસ એજન્સીએ પણ પોતાની મર્યાદાઓ સ્પષ્ટ કરી દીધી છે.

બ્રિટિશ નાગરિકોના પરિવારોએ યુકેની એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ પાસે ટેકનિકલ રિવ્યુની માગ કરી હતી, પરંતુ એજન્સીએ પત્ર લખીને જણાવ્યું છે કે આ મામલે તેમની પાસે કોઈ ટેકનિકલ તપાસ કરવાની સત્તા નથી.

બ્રિટિશ એજન્સીના પ્રિન્સિપાલ ઈન્સ્પેક્ટર ગેરેન્ટ હર્બર્ટે પરિવારોને પાઠવેલા પત્રમાં સ્પષ્ટતા કરી છે કે, આ તપાસનું નેતૃત્વ ભારતની તપાસ એજન્સી કરી રહી છે અને યુકે તેમાં માત્ર એક એક્સપર્ટ તરીકે સામેલ છે.

આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ, યુકેના નાગરિકોએ જીવ ગુમાવ્યા હોવાથી તેમને ઘટનાસ્થળની મુલાકાત લેવાનો અને ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ ફેક્ટ્સ મેળવવાનો જ



અધિકાર છે.

તપાસના ટેકનિકલ પાસાઓ પર બ્રિટનનો કોઈ સીધો હસ્તક્ષેપ નથી. એજન્સીએ એ પણ નોંધ્યું છે કે, પ્રારંભિક અહેવાલો અંતિમ હોતા નથી અને તેમાં ફેરફાર શક્ય છે, તેથી પરિવારોએ ઉતાવળે કોઈ તારણ પર ન પહોંચવું જોઈએ.

બીજી તરફ, અમદાવાદમાં વસતા પીડિત પરિવારોનો આક્રોશ વધી રહ્યો છે. પરિવારોએ ે સ નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીને પત્ર લખીને ન્યાયની અપીલ કરી છે.

તેમની મુખ્ય માગ વિમાનના બ્લેક બોક્સનો ડેટા જાહેર કરવાની છે. પીડિત પરિવારોનું કહેવું છે કે, દુર્ઘટનાને આટલો સમય વીત્યા પછી પણ સત્ય સામે આવ્યું નથી. સામાજિક કાર્યકર્તા કુલદીપ ઈશરાણી, જેઓ લગભગ ૨૦૦ પીડિત પરિવારોના સંપર્કમાં છે.પરિવારો હવે આરપારની લડાઈના મૂડમાં છે કારણ કે તપાસની ગતિ ખૂબ જ

હવે ગરમીનો રાઉન્ડ થશે શરૂ! તાપમાન ફરી ૪૨ ડીગ્રી સુધી પહોંચશે

# જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની તા.૧૮ સુધીની આગાહી : તાપમાન ૨ થી ૩ ડીગ્રી વધશે

રાજકોટ, તા.૧૧

સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં છેલ્લા દિવસોમાં હવામાન પલ્ટો-માવઠાને કારણે ગરમીમાં રાહત હતી પરંતુ હવે તાપમાન વધવા સાથે પારો ૪૨ ડિગ્રીએ પહોંચી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં કહ્યું કે રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન નોર્મલની નજીક છે. એક માત્ર અમરેલીમાં બે ડીગ્રી જેટલું નીચું હતું. હાલ નોર્મલ તાપમાન ૩૯ ડીગ્રી ગણાય છે. જે ડીસા-ભૂજમાં ૩૮.૫ ડીગ્રી તથા અમરેલીમાં ૪૦ ડીગ્રી ગણાય છે.

હવામાન વિભાગ જો કે નોર્મલ તાપમાનમાં હવે ૦.૪ થી ૦.૪ ડીગ્રીનો વધારો કરી શકે છે. રાજ્યમાં ગઈકાલે રાજકોટનું મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રીના નોર્મલ સ્તરે હતું. અમદાવાદમાં ૩૮.૪ ડીગ્રી, વડોદરામાં ૩૯.૨ ડીગ્રી હતું. અમરેલીમાં ૩૭.૯ ડીગ્રી તાપમાન નોર્મલ કરતા બે ડીગ્રી નીચું હતું. ભુજમાં ૩૭.૮ ડીગ્રી નોર્મલ કરતા ૦.૬ ડીગ્રી ઓછું હતું.

તા.૧૮ એપ્રિલ સુધીની આગાહીમાં તેઓએ કહ્યું કે તા.૧૫ સુધી અને ત્યારબાદ ૧૮મી એપ્રિલે તાપમાન સરેરાશ બે થી ત્રણ ડીગ્રી વધીને ૪૦ થી ૪૨ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. ૧૬-૧૭ એપ્રિલે એકાદ ડીગ્રીની રાહત રહેશે. તાપમાનમાં વૃદ્ધિ છતાં આગાહીનાં સમયમાં હીટવેવની સંભાવના નથી. બપોરે ગરમી અનુભવાશે.

આગાહીનાં સમયગાળા પૈકી તા.૧૪ સુધી પવનની ગતિ ૧૦ થી ૧૫ કિ.મી.ની રહેશે. ઝાટકાના પવન ૧૫ થી ૨૫ કિ.મી.ના હશે. ત્યાર પછીના દિવસોમાં પવનનું જોર વધશે. ૧૫ થી ૨૦ કિ.મી.ના પવન ફુંકાશે. ઝાટકાના પવન ૨૫ થી ૩૦ કિમીના હશે.

આકાશ ખુલ્લું અને સ્વચ્છ રહેશે છતાં તા.૧૭-૧૮મીએ આંશિક વાદળીયું વાતાવરણ રહી શકે છે. પવન મુખ્યત્વે પશ્ચિમી દિશામાંથી ફુંકાશે ક્યારેક ઉત્તર-પશ્ચીમી પવન રહી શકે છે.




**રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન નોર્મલની નજીક છે. એક માત્ર અમરેલીમાં બે ડીગ્રી જેટલું નીચું હતું. હાલ નોર્મલ તાપમાન ૩૯ ડીગ્રી ગણાય છે. જે ડીસા-ભૂજમાં ૩૮.૫ ડીગ્રી તથા અમરેલીમાં ૪૦ ડીગ્રી ગણાય છે.**

## કોન્સ્ટેબલ માટે હાઈટ 'ઓકે'માં PSI માટે કેમ 'ઓછી' પડી! હાઈકોર્ટે 'કોયડો' ઉકેલ્યો

# વારંવાર રીટ કરતા કોન્સ્ટેબલને કહ્યું હવે ત્રીજી વખત હાઈટ - ટેસ્ટમાં નાપાસ તો હાલની નોકરી પણ જશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૧

કોઈપણ વ્યક્તિની ઉંચાઈ એક તબકકા સુધી વધી શકે છે પછી તે યથાવત રહે છે ઘટતી તો નથી જ પણ ગુજરાત પોલીસમાં હાઈટ એટલે કે ઉંચાઈ અને દૌટની ક્ષમતા સહિતના તમામ માપદંડ પાર કરી કોન્સ્ટેબલની નોકરી કરી રહેલા બોનીકુમાર કાપડીયાને જયારે પીએસઆઈ અથવા ફરી શારીરિક કસોટી આપી તો તેની હાઈટ અગાઉની જે ૧૬૫ સેમીની પોલીસ રેકોર્ડ પર હતી.

જેના આધારે તેની ભરતી થઈ હતી તેના કરતા ઓછી હાઈટ જણાતા જ જબરો રસપ્રદ કાનુની મુદો સર્જાયો હતો. બોનીકુમારે કોન્સ્ટેબલની ભરતી સમયે જે શારીરિક કસોટી આપી તેમાં તેની હાઈટ ૧૬૫ સેમી જે ભરતી માટે યોગ્ય હતી તેણે ૨૫ મીનીટમાં પાંચ કીમીની દૌટ પણ પુરી કરીને નોકરી મળવી છ વર્ષ પછી તેણે પીએસઆઈના પ્રમોશન માટે ઈચ્છા જાગી અને તેણે નિયમ મુજબ શારીરિક પરિક્ષા આપી તો હાઈટ ૧૬૫ સીએમથી ઓછી જાહેર થઈ.

બન્ને પદ માટે એક સમાન ઉંચાઈ ધોરણ છે પણ પીએસઆઈમાં તેને ૧૬૫ સેમીથી ઓછી હાઈટ હોવાનું જણાવીને તેને ક્ષનાપાસ' કરાતા તેણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી તેની



હાઈટ ૧૬૫ સેમી હોવા છતાં ટેસ્ટમાં નાપાસ કરાયા તેની સામે દાદ માંગી હતી. હાઈકોર્ટે પણ આશ્ચર્યમાં પડી ગઈ. કોઈ વ્યક્તિની હાઈટ ૬ વર્ષમાં ઘટી શકે!

હાઈકોર્ટે આથી ગાંધીનગરની સોલા સિવિલ હોસ્પીટલમાં નિષ્ણાંતોની હાજરીમાં વિડીયોગ્રાફી સાથે નવેસરથી હાઈટ આપવા આદેશ આપ્યો હતો જેમાં પણ મેડીકલ રિપોર્ટ મુજબ આ કોન્સ્ટેબલની હાઈટ ૧૬૫ સેમીથી ઓછી જાહેર થઈ અને હાઈકોર્ટે કોન્સ્ટેબલની અરજી ફગાવી હતી. તેણે ફરી દાદ માંગી તો હાઈકોર્ટે ચેતવણી આપતા કહ્યું કે હવે ફરી તેની હાઈટ આપવામાં આવશે અને તે ૧૬૫ સેમીથી ઓછી હશે તો તેણે કોન્સ્ટેબલની નોકરી પણ ખોટી રીતે મેળવી હતી .તે સમયે ૧૬૫ સેમીની હાઈટમાં ફ્રોડ કર્યો હશે.

કોઈ વ્યક્તિ ૬ વર્ષમાં નીચો થઈ જાય, હાઈટ ગુમાવે તેવુ બનતુ નથી. આથી કોન્સ્ટેબલને ફરી હાઈટ આપવાની પ્રક્રિયા માટે છુટ આપવાની સાથે એ પણ જણાવ્યુ કે તે તેની હાલની નોકરીના જોખમે થશે.

જો હાઈટ ૧૬૫ સેમીથી ઓછી થઈ જાય તો કોન્સ્ટેબલની નોકરી માટે તે લાયક ન હતા તે પણ સાબીત થશે અને અમો બરતરફીનો આદેશ આપશું. અંતે કોન્સ્ટેબલ કાપડીયાએ આ જોખમ લેવાના બદલે કોન્સ્ટેબલની નોકરીથી જ સંતોષ માની અરજી પાછી ખેંચી હતી.

# રાખો ભરોસો તમે ખુદ પર શાને શોધો છો ફરિશ્તાઓ? પક્ષી પાસે ક્યાં હોય છે નકશાઓ તોય શોધી લે છે ને રસ્તાઓ



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**




કેન્દ્ર રાજ્ય સરકારો શિક્ષણ અને બીજી ઘણી બાબતોમાં આધુનિક ટેક્નોલોજીનો ઝડપથી અમલ કરી રહી છેક્યાંકકર્મચારીઓની ભરતી ન થવાથી તેનો સારો લાભ મળી શક્યો નથી તો ક્યાંક તેની અસર સારી જોવા મળે છે.આજે આપણે આ ટેકનોલોજીની સારી અસર વિશે જોઈએ તો મધ્યપ્રદેશના ધારના દૂરના,પહાડી પ્રદેશમાં વસેલા સાંવરિયા નામના નાના ગામડામાં,શિક્ષણનું સ્વપ્ન ઘણીવાર ભાષાના અવરોધ સામે અથડાઈને અટકી જતું.બાળકો શાળાએ જતા, છતાં તેમના હિન્દી પાઠ્યપુસ્તકો માં શબ્દો તેમની સમજની બહાર રહેતા.

ભીલી,માલવી અને નિમાડીમાં ઘરમાં વાતચીત થતી હતી,ત્યારે શાળાની ભાષા તેમને બીજી દુનિયાની કોઈ વસ્તુ જેવી લાગતી હતી.

આ બાળકોમાં ૧૧વર્ષનો અર્જુન પણ હતો.તે તેજસ્વી અને જિજ્ઞાસુ છતાં ભાષાના અવરોધ થી અવરોધાય છે.તે અભ્યાસમાં પાછળ રહી ગયો.શાળામાં શીખવવામાં આવતી પ્રમાણભૂત હિન્દી સમજવા માટે તેને સંઘર્ષ કરવો પડતો;છતાં,તે ઘરે આવતાની સાથે જ,તે પોતાની બોલીમાં પ્રશ્નો પૂછતોઃ×મા,'ગુરુત્વાકર્ષણ' નો અર્થ શું થાય છે?×

તેની માતા તેને પોતાની સરળ ભાષામાં સમજાવતી,અને તરત જ,અર્જુનનાચહેરા પર સમજણ નો એક ચમકાર ચમકી જતો.

આ દરમિયાન,જિલ્લામાં એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી.ધારમાં ડાયેટ (જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા) ખાતે,આશરે ૧.૬મિલિયન રૂપિયાના ખર્ચે એક આધુનિક ડિજિટલ રેડિયો સ્ટુડિયોની સ્થાપના કરવામાં આવી.ઉદ્દેશ્ય સ્પષ્ટ હતોઃબાળકોને તેમની પોતાની બોલીમાં શિક્ષણ પહોંચાડવાનો.

સ્ટુડિયોમાં સ્થાપિત સ્માર્ટ સ્ક્રીન માઈક્રોફોન અને ઉચ્ચ-ગુણવત્તા વાળા સાધનો વચ્ચે,શિક્ષિકા, ગીતાબાઈ,પહેલીવાર ભીલી ભાષામાં પાઠ ચલાવવાના હતા. તેણીએ બોર્ડ પર લખ્યુંઃ ×પાણી નીચે કેમ વહે છે?×પછી, સીધા કેમેરામાં જોઈને,તેણીએ કહ્યુંઃ ×બાળકો,આજે આપણે ગુરુત્વા કર્ષણને સમજીશું..આપણી પોતાની ભાષામાં.×તે દિવસે, રેડિયો ક્લાસરૂમ દૂર દૂરના દરેક ગામડામાં પહોંચ્યો.અર્જુન પણ તેની શાળાના ક્લાસરૂમમાં બેઠો હતો.જે ક્ષણે તેણે પોતાનીબોલી બોલાતી સાંભળી,તેની આંખો ઉત્સાહથી ચમકી ઉઠીઃ×ઓહ! શિક્ષક આપણી જ ભાષામાં ભણાવી રહ્યા છે!×

હવે,×ગુરુત્વાકર્ષણ×એ મુશ્કેલ શબ્દ રહ્યો નથી.તે સમજી ગયોઃ જેમ કોઈ વસ્તુ હાથમાંથી સરકી જતાં જમીન પર પડે છે-તેને જ ગુરુત્વાકર્ષણ કહેવાય છે.

ધીમે ધીમે,વર્ગમાં બાળકોની સંખ્યા વધવા લાગી.જે બાળકો પહેલા શાળાએ આવવામાં ખચકાટ અનુભવતા હતા તેઓ હવે ઉત્સાહથી હાજરી આપવા લાગ્યા.ડાયેટ ધાર દ્વારા કરવામાં આવેલો આ પ્રયોગ સફળ થવા લાગ્યો હતો.

શિક્ષિકા,ગીતાબાઈએ પોતાનો પાઠ ચાલુ રાખ્યોઃ×પ્રાણીઓ અને પક્ષીઓ કેમ ઉડે છે? પવન કેમ ફૂંકાય છે? પૃથ્વી સૂર્યની આસપાસ કેમ ફરે છે?×હવે,દરેક જટિલવિષય બાળકોનેસમજાવા લાગ્યો-સરળ લાગતો હતો અને તેમની પોતાની પરિચિત ભાષામાં સમજાવાતો હતો.થોડા જ મહિનામાં,પરિવર્તન સ્પષ્ટપણે દેખાતું હતુંઃવિદ્યાર્થીઓની હાજરી વધી ગઈ હતી.બાળકો ને વિષયોની સમજણ પડી અને રુચિ વધી.માતાપિતાનો આત્મ વિશ્વાસ વધ્યો.શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઘટ્યું.

અર્જુન હવે વિજ્ઞાન સમજવા લાગ્યો હતો.એક દિવસ,તેણે ખેતરમાં તેના પિતાને કહ્યું, પપ્પા, આ બીજ ગુરુત્વાકર્ષણને કારણે પડી ગયું!×

તેના પિતાએ આશ્ચર્યથી પૂછ્યું, ×તમને કોણે ભણાવ્યું?×ડિજિટલ રેડિયો કલાસમાં સાહેબે!×તેના પિતાની આંખોમાં ગર્વ ચમક્યો.

ડિજિટલ રેડિયો સ્ટેશન પર દરરોજ નવા રેકોર્ડિંગ થવા લાગ્યા ક્યારેક માલવીમાં,ક્યારેક ભીલીમાં,ક્યારેક નિમાડીમાં.જ્ઞાન નો અવાજ દરેક ગામમાં પહોંચવા લાગ્યો.એક દિવસ, જિલ્લા શિક્ષણાધિકારી, નિરીક્ષણ માટે આવ્યા તેમણે અર્જુનને પૂછ્યું, ×બેટા,તને તારો અભ્યાસ કેવો લાગે છે?×

અર્જુને આત્મવિશ્વાસથીજવાબ આપ્યો,×પહેલાં,હું મારો વિષય સમજી શકતો ન હતો,સાહેબ. હવે મને મજા આવે છે!હું મારી પોતાની ભાષામાં બધું સમજું છું.

અધિકારી હસ્યા-આ જવાબ તેમની મહેનતનો સૌથી મોટો વિજય હતો.

થોડા મહિના પછી,શાળામાં વિજ્ઞાન મોડેલ સ્પર્ધા યોજાઈ. અર્જુને 'ગુરુત્વાકર્ષણ અને જળ ચક્ર' પર બનાવેલા મોડેલ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. સ્ટેજ પર પોતાનો એવોર્ડ સ્વીકારતી વખતે તેના મનમાં એક જ વિચાર આવ્યો,×જો મારું શિક્ષણ મારી પોતાની બોલીમાં ન આપવામાં આવ્યું હોત,તો હું તેને ક્યારેય સમજી શક્યો ન હોત...×હવે, ફક્ત અર્જુન જ નહીં,પરંતુ સમગ્ર પ્રદેશના બાળકોના સપના ઓએ ઉડાન ભરી હતી-કેટલાક ડૉક્ટર તો કેટલાક એન્જિનિયર, શિક્ષક બનવાની ઈચ્છા રાખતા હતા, ડિજિટલ રેડિયો શિક્ષણ પહેલે ધારના આદિવાસી પટ્ટામાં એક પ્રકાશ ફેલાવ્યો હતો જેણે બાળકો અને માતાપિતા બંનેના જીવનમાં નવી આશા જગાવી હતી.શિક્ષણ હવે બોજ રહ્યું ન હતું;તે આનંદના સ્રોતમાં પરિવર્તિત થઈ ગયું હતું.પોતાની બોલી માં જ્ઞાન પ્રાપ્ત કરીને,બાળકોના સપનાઓને ખરેખર પાંખો મળી ગઈ હતી.

ગોપીઓએ અધરામૃતની માગણી કરી છે. ભાગવતની આ સમાધિ ભાષા છે,તેથી અધરા મૃતનો અર્થ લૌકિક કરવો તે યોગ્ય નથી. પૃથ્વીને ધરા કહે છે, કારણ કે તે સૌને ધારણ કરે છે અને પોષે છે,તેથી પૃથ્વી પરનું અમૃત તે ધરામૃત અને પૃથ્વી પર નું એટલે પાર્થિવ નહીં એવું અપાર્થિવ અમૃત તે અધરામૃત-એટલે જેનો કદી નાશ થતો નથી એવું જ્ઞાનામૃત. અધરામૃતનું દાન કરો એટલે કે હ નાથ!અમને એવું જ્ઞાન આપો કે, આપનાથી હું અલગ છું એવું જ્ઞાન ન જ રહે.તમારી સાથી બનું એવું અમૃત આપો. એવું જ્ઞાનામૃત આપો કે એક ક્ષણ તમારાથી અલગ ન થાઉં. જીવ-શિવ એક થઈ જાય.જ્ઞાનામૃત-અમૃત મળ્યું નથી,ત્યાં સુધી હૃદયમાં રહેલો અગ્નિ બળે છે,તેથી એવું જ્ઞાન આપોકે સર્વમાં આપનાં દર્શન થાય.

ગોપીને કોઈ સુખ ભોગવવાની ઈચ્છા નથી.ઊલટું તે તો સર્વ લૌકિક સુખનો ત્યાગ કરીને આવી છે,એટલે તેઓ લૌકિક અમૃત માંગતી નથી.તે અલૌકિક અમૃત માર્ગ છે.ગોપી કહે છે કે, નાથ,એવા જ્ઞાનામૃતની લ્હાણી કરો કે,તમારો અને મારો વિયોગ ન થાય,તમારો અને મારો નિત્ય સંયોગ રહે. તમારાથી હું અલગ ન થાઉં. નાથ, તમારાથી જુદા થઈએ છીએ તો માયા અમને વળગે છે.આપ એવું જ્ઞાનામૃત આપો કે, તમારા સ્વરૂપ સાથે નિત્ય સંયોગ નો અનુભવ થાય અને વિષયોનું એક ક્ષણ પણ ભાન ન થાય, કારણ કે તમારો વિયોગ એ જ મહાન દુઃખ છે.

તમારો સંયોગએ જ સુખ છે. પ્રભુ કહે છેકે,એવા નિત્ય સંયોગ રૂપ અધરામૃતનું તમને દાન કરવાની મારી ઈચ્છા નથી.ત્યારે સખીઓ એ કહ્યું કે, અમારા માટે નહીં, પરંતુ તમારી કીર્તિને કલંક ન લાગે તેટલા માટે અમે તો કરગરીએ છીએ.અધરામૃત આપો તો તમારી પ્રતિષ્ઠા વધશે નહીંતર વિરહાગ્નિમાં અમે શરીરનો ત્યાગ કરીશું!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે રવિવારને બારમી એપ્રિલ ટાટ(એચએસ) ની પરીક્ષા સાથે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટેનું પ્રચાર કાર્ય જોરશોર તોડ જોડ થી જામી રહ્યું છે ત્યારે આ લોકશાહી નહીં નેતાશાહી બની ગઈ છે અહીં લોકોનું નહીં નેતાઓ ઠોકી બેસાડે ઇ આપણો નેતા આ ક્યાં લોકશાહી આપ સૌ સમજો છો એટલે વધુ નહીં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## અંતિમ દિવસે પણ ઉમેદવારોમાં અસમંજસ – 'નો-રિપીટ' થીયરી અને બળવાખોરો વચ્ચે રસપ્રદ જંગ

# બનાસકાંઠામાં ટિકિટ મામલે સસ્પેન્સ અને બળવો : યાદી જાહેર કર્યા વગર ભાજપ-કોંગ્રેસે ભરાવ્યા ફોર્મ, જિલ્લામાં રાજકીય ગરમાવો







(ગરવી તાકાત) પાલનપુર તા.૧૧

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે તેજ બન્યો છે. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે પણ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર ન કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ભારે સસ્પેન્સ સર્જાયો હતો. બંને પક્ષોએ વ્યૂહાત્મક રીતે યાદી ગુપ્ત રાખી ઉમેદવારો પાસેથી ફોર્મ ભરાવ્યા હોવાથી અંતિમ ક્ષણ સુધી ઉમેદવારોમાં અસમંજસની સ્થિતિ જોવા મળી હતી.

ભાજપે હાઈકમાન્ડના માર્ગદર્શન હેઠળ જાહેર યાદી બહાર પાડવાના બદલે ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરી ફોર્મ ભરાવવાની પ્રક્રિયા અપનાવી હતી. જોકે, આ પ્રક્રિયામાં અનેક દિગ્ગજ નેતાઓના પત્તા કપાતા પક્ષમાં આંતરિક વિખવાદ ખુલ્લેઆમ સામે આવ્યો છે. ટિકિટથી વંચિત રહેલા નેતાઓએ પક્ષ વિરુદ્ધ જ બળવો કરતા જિલ્લામાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે મોટો ઉલટફેર કરી જૂના અને જાણીતા ચહેરાઓને બદલે નવા ઉમેદવારોને તક આપી છે. 'નો-રિપીટ' થીયરી અમલમાં મુકાતા ફોર્મ ભરવાના સ્થળોએ ભારે ધસારો અને ઉત્સાહ જોવા મળ્યો હતો. બીજી તરફ, કોંગ્રેસે પણ સત્તાવાર યાદી જાહેર કર્યા વગર ઉમેદવારો પાસેથી ફોર્મ ભરાવ્યા હતા, જેના કારણે મેન્ડેટ અંગે સ્પષ્ટતા ન હોવાને લીધે ઉમેદવારોમાં મૂંઝવણ યથાવત રહી હતી.

## પાલનપુરમાં પોલીસનું સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સજ્જ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૧

પાલનપુર પોલીસે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ મતદારોમાં નિર્ભય વાતાવરણ ઊભું કરવા માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. આ અંતર્ગત, વિવિધ વિસ્તારોમાં પોલીસ ટીમો દ્વારા સઘન ચકાસણી અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

પેટ્રોલિંગ દરમિયાન, શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી.




આ ઉપરાંત, સ્થાનિક લોકોને શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા માટે અપીલ પણ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ આ અંગે માહિતી આપી હતી. આ કામગીરીથી લોકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બની છે અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તે માટે સકારાત્મક માહોલ સર્જાયો છે.

## ઢોલ-નગારા અને સુત્રોચાર વચ્ચે ભાજપના ઉમેદવારોએ ભરી ઉમેદવારી ફોર્મ

# સુંઢિયા, સિપોર અને છાબલીયા જિલ્લા પંચાયત સાથે તાલુકા પંચાયતની બેઠકો માટે ઉત્સાહભેર ઉમેદવારી નોંધાઈ – બહુમતી સાથે જીતનો દાવો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

વડનગર તાલુકામાં આજે તા. ૧૧ એપ્રિલના રોજ જિલ્લા પંચાયતની સુંઢિયા, સિપોર અને છાબલીયા બેઠકો તેમજ તાલુકા પંચાયતની વિવિધ બેઠકો માટે ભાજપના ઉમેદવારો દ્વારા ભવ્ય માહોલમાં ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉમેદવારો, કાર્યકર્તાઓ અને ટેકેદારોની મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી.

ઢોલ-નગારા અને ભાજપના ગુંજતા સુત્રોચાર વચ્ચે ઉમેદવારો રેલી સ્વરૂપે પહોંચ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ અને રાજકીય ગરમાવો છવાઈ ગયો હતો. કાર્યકર્તાઓએ પાર્ટીનો ઝંડો લહેરાવી ઉમેદવારોને જીત માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



આ અવસરે ઉમેદવારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડનગર તાલુકાની તમામ બેઠકો પર ભાજપ બહુમતી સાથે જીત હાંસલ કરશે. કાર્યકર્તાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને જીત માટે સક્રિય પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને લઈને તાલુકામાં રાજકીય ચહલપહલ વધતી જોવા મળી રહી છે અને આગામી દિવસોમાં ચૂંટણીનો માહોલ વધુ ગરમાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સાબરકાંઠામાં ભાજપના ઉમેદવારો જાહેર, 30 નવા ચહેરા

# હિંમતનગર નગરપાલિકામાં ૧૩ રીપીટ, જિલ્લા અને તાલુકા પંચાયતમાં પણ મોટા ફેરફાર કરાયા

(ગરવી તાકાત) હિંમનગર તા.૧૧

સાબરકાંઠા જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે ભાજપે તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ગઈકાલે રાત્રે જાહેર કરાયેલી યાદીમાં હિંમતનગર નગરપાલિકામાં ૪૪માંથી ૪૩ ઉમેદવારોના નામ સામેલ છે, જેમાં ૧૩ વર્તમાન સભ્યોને રિપીટ કરાયા છે અને ૩૦ નવા ચહેરાઓને તક આપવામાં આવી છે.

આ જાહેરાતમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકા પંચાયતની કુલ ૧૭૦ બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હિંમતનગર, ઈડર, વડાલી નગરપાલિકાની સામાન્ય અને પ્રાંતિજ નગરપાલિકાની પેટાચૂંટણીની ૯૬ બેઠકો માટે પણ ઉમેદવારો જાહેર કરાયા છે. મોટાભાગે નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે, જેમાં જિલ્લા પંચાયતમાં પૂર્વ પ્રમુખ ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલના પતિ મહેન્દ્રભાઈ પટેલને ટિકિટ અપાઈ છે.

હિંમતનગર નગરપાલિકામાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ચૂંટણી યોજાશે. આસપાસના વિસ્તારો ઉમેરાતા વોર્ડની સંખ્યા નવથી વધીને ૧૧ થઈ છે, જેના કારણે આઠ સભ્યોનો ઉમેરો થયો છે.




**હિંમતનગર નગરપાલિકામાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ચૂંટણી યોજાશે. આસપાસના વિસ્તારો ઉમેરાતા વોર્ડની સંખ્યા નવથી વધીને ૧૧ થઈ છે, જેના કારણે આઠ સભ્યોનો ઉમેરો થયો છે. ભાજપે ૪૪માંથી ૪૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જેમાં ૧૩ રિપીટ ઉમેદવારો અને ૩૦ નવા ચહેરાઓનો સમાવેશ થાય છે.**

ભાજપે ૪૪માંથી ૪૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જેમાં ૧૩ રિપીટ ઉમેદવારો અને ૩૦ નવા ચહેરાઓનો સમાવેશ થાય છે.

વોર્ડ મુજબ વિગતવાર જોઈએ તો, વોર્ડ ૧માં ચાર નવા ચહેરા, વોર્ડ ૨માં બે રિપીટ અને બે નવા ચહેરા, વોર્ડ ૩માં ત્રણ નવા ચહેરા, વોર્ડ ૪માં બે રિપીટ અને બે નવા ચહેરા, વોર્ડ ૫માં બે રિપીટ અને બે નવા ચહેરા, વોર્ડ ૬માં બે રિપીટ અને બે નવા ચહેરા, વોર્ડ ૭માં બે રિપીટ અને બે નવા ચહેરા, વોર્ડ ૮માં એક રિપીટ અને ત્રણ નવા ચહેરા, વોર્ડ ૯માં એક રિપીટ અને ત્રણ નવા ચહેરા, વોર્ડ ૧૦માં એક રિપીટ અને ત્રણ નવા ચહેરા અને વોર્ડ ૧૧માં ચાર નવા ચહેરાની પસંદગી કરવામાં આવી છે.

## ઇડર નગરપાલિકા ચૂંટણી, અપક્ષ ઉમેદવારોનો દબદબો

# ભાજપ-કોંગ્રેસનું ગણિત બગાડવાની શક્યતા, અનેક વોર્ડમાં ઉમેદવારી

(ગરવી તાકાત) ઈડર તા.૧૧

ઈડર નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. ભાજપના નારાજ કાર્યકરોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતા, આ ચૂંટણીમાં ભાજપનું ગણિત બગડવાની શક્યતા છે.

ઈડર નગરપાલિકામાં છેલ્લા ઘણા વર્ષોથી ભાજપનું શાસન છે, પરંતુ તાજેતરમાં આંતરિક વિખવાદ ચરમસીમા પર પહોંચ્યો છે. ચૂંટણી જાહેર થતાં જ ટિકિટ માટે ખેંચતાણ શરૂ થઈ હતી. સ્થાનિક કાર્યકરો દ્વારા ટિકિટની માંગણી છતાં, કેટલાક વોર્ડમાં 'આયાતી' ઉમેદવારોને ગોઠવી દેવાયા હતા, જેના કારણે સ્થાનિક કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

આ નારાજગી હવે અપક્ષ ઉમેદવારી સુધી પહોંચી છે. ઈડરના કેટલાક વોર્ડમાં ચૂંટણી રસપ્રદ બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયસિંહભાઈ, જેઓ ૩૫ વર્ષથી રાજકારણ સાથે સંકળાયેલા છે અને પ્રમુખ પણ રહી ચૂક્યા છે, તેમને ટિકિટ ન મળતા તેમણે બે વોર્ડમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત, વોર્ડ નંબર ૨ અને ૭ માં પણ અપક્ષ ઉમેદવારો સક્રિય બન્યા છે, જ્યાં પાર્ટી સક્ષમ ઉમેદવાર મૂકવામાં નિષ્ફળ રહી હોવાનું મનાય છે.



**હવે નગરપાલિકાની ચૂંટણીમાં કેટલા ફોર્મ પરત ખેંચવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે. ભાજપના પદાધિકારીઓ અપક્ષ ઉમેદવારોને સમજાવીને ફોર્મ પરત ખેંચાવવાનો પ્રયાસ કરશે, પરંતુ હાલના સંજોગોમાં અપક્ષો કોઈ પણ ભોગે સમાધાન કરવા તૈયાર નથી.**

હવે નગરપાલિકાની ચૂંટણીમાં કેટલા ફોર્મ પરત ખેંચવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે. ભાજપના પદાધિકારીઓ અપક્ષ ઉમેદવારોને સમજાવીને ફોર્મ પરત ખેંચાવવાનો પ્રયાસ કરશે, પરંતુ હાલના સંજોગોમાં અપક્ષો કોઈ પણ ભોગે સમાધાન કરવા તૈયાર નથી. આગામી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો કયા પક્ષનું ગણિત બગાડે છે તે જોવું રસપ્રદ રહેશે.

અન્ય પક્ષોની વાત કરીએ તો, વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા અને નાગરિક બેંકના પૂર્વ ચેરમેન ડોક્ટર હરીશભાઈ ગુર્જરે આ વખતે કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત, ઈડર નગરપાલિકામાં AIMIM પાર્ટી પણ સક્રિય થઈ છે અને ઈડર નગરપાલિકામાં પ્રથમ વખત આ પાર્ટીએ પોતાનો ઉમેદવાર મૂકવાની શરૂઆત કરી છે જેથી હવે આવનારી ચૂંટણી રસપ્રદ રહેશે તેવું જણાઈ રહ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### થોડા વરસાદમાં જ રોડ સરોવર બની ગયો:ઝહીરાબાદમાં રોડ બની ગયો પરંતુ? પાણી નિકાલની કોઇ વ્યવસ્થા નથી?



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૧

હિંમતનગરને અડીને આવેલ ઝહીરાબાદ ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલ આરસીસી રોડ બે દિવસ અગાઉના સામાન્ય વરસાદમાં જ પાણીથી છલોછલ ભરાઈને સરોવરમાં ફેરવાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

આ પાણીમાંથી પસાર થવામાં સ્કૂલમાં જતાં બાળકો, વૃદ્ધો, બીમાર લોકોને મુસીબત વેઠવી પડી રહી છે. પાણીના નિકાલની વ્યવસ્થા જ નથી. સ્થાનિક રહીશો જાવેદભાઈ, કરીમમીયાએ આક્રોશ વ્યક્ત કર્યો કે રોડની ડિઝાઈન અને ડ્રેનેજ વ્યવસ્થાનું ધ્યાન જ રખાયું નથી.

માત્રને માત્ર ગ્રાન્ટ વાપરવાના લક્ષ્યને લઈ આજે સ્થાનિક વાહનચાલકો અને રહીશોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમણે આ મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી હોવાનું જણાવી રોડનું પુનઃમૂલ્યાંકન કરી યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા સાથે નવેસરથી મરામત કરાવવા માંગ કરી હતી. પાણીના નિકાલ માટે અત્યારથી તંત્ર દ્વારા નહિ વિચારાય તો ચોમાસામાં આ વિસ્તારની હાલત બદતર બની જશે તે નક્કી છે.

### ડી.ડી.ઠાકર કોલેજમાં પૂર્વ વિદ્યાર્થી-વાલી મંડળની સભા

### એન.ડી.પટેલના અધ્યક્ષસ્થાને, વિદ્યાર્થીઓની જરૂરિયાત પૂરી કરવા પર ભાર



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૧

ડી.ડી.ઠાકર આર્ટસ અને કે.જે.પટેલ કોમર્સ કોલેજ સંચાલિત પૂર્વ વિદ્યાર્થી અને વાલી મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ સભા અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના કેમ્પસ ડાયરેક્ટર અને સહમંત્રી એન.ડી.પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. એન.ડી.પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી કરવા માટેના પ્રયત્નોને અગ્રતા આપવામાં આવશે.

વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત પૂર્વ વિદ્યાર્થી મંડળના મંત્રી ભરત ચૌહાણે શાબ્દિક સ્વાગતથી કરી હતી. આ પ્રસંગે પ્રા. ડૉ. રોહિત દેસાઈ અને પૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ શૈલેષભાઈ પટેલે વર્ષ દરમિયાન યોજાયેલા કાર્યક્રમો તેમજ રાજ્ય અને યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલા વિદ્યાર્થીઓની વિગતો રજૂ કરી હતી.જ્યારે કન્વીનર પ્રા. કે.ડી. પટેલે વિદ્યાર્થી મંડળની રૂપરેખા રજૂ કરી હતી. ઉપસ્થિત પૂર્વ વિદ્યાર્થીઓએ તેમના કોલેજકાળ દરમિયાનના અનુભવો વર્ણવ્યા હતા. આભારવિધિ મંડળના ઉપપ્રમુખ ભાવેન્દ્રસિંહ સોલંકીએ કરી હતી.આ વાર્ષિક સામાન્ય સભામાં ટ્રસ્ટના કાર્યાધ્યક્ષ જશુભાઈ પટેલ, મંત્રી હરિહર પાઠક, આચાર્ય ડૉ. વી.સી. નિનામા અને અન્ય વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડબ્રહ્મામાં ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ : તાલુકા-જિલ્લા પંચાયત માટે ઉમેદવારો-ટેકેદારો ઉમટ્યા



(ગરવી તાકાત) ખેડબ્રહ્મા તા.૧૧

ખેડબ્રહ્મામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ હતો. ફોર્મ ભરવા માટે ખેડબ્રહ્મા પ્રાંત કચેરી, મામલતદાર કચેરી અને તળવા પંચાયત ખાતે ઉમેદવારો અને તેમના ટેકેદારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

તાલુકા પંચાયતની ૨૦ બેઠકો અને જિલ્લા પંચાયતની ૪ બેઠકો માટે ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા હતા. ગઈકાલ રાતથી જ આ વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો હતો.

આજે અંતિમ દિવસે ભારતીય જનતા પાર્ટી તરફથી લક્ષ્મીપુરા સીટ પરથી હિતેન્દ્રસિંહ કે. ચૌહાણે બીજી વાર ઉમેદવારી નોંધાવી હતી. તેમણે પોતાના ટેકેદારો સાથે ખેડબ્રહ્મા તાલુકા સેવાસદનમાં ફોર્મ ભર્યું હતું.

ભાજપના ઉમેદવાર હિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ તેમના પર વિશ્વાસ મૂકીને બીજી વાર ચૂંટણી લડવાની તક આપી છે. તેમણે ખાતરી આપી હતી કે તેઓ જિલ્લા પંચાયતમાં ભાજપની સરકાર બને તે માટે પૂરા પ્રયત્નો કરશે અને સૌ સાથે મળીને આ વિસ્તારનો વિકાસ કરશે.

Volume : 11 Issue : 355 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002